॥ श्री जिनाय नमः ॥

॥ मूर्खशतकम् ॥

(गूर्जरभाषांतरोपेतम्)

—छपावी प्रसिद्ध कर्त्ता—

पंडित श्रावक हीरालाल हंसराज (जामनगरवाळा)

विक्रम् संवत् १९८२ वीर संवत् २४५२ सने १९२६.

मूल्यम् रु. ०–६–०

श्री जैन भास्करोदय प्रिन्टिंग प्रेस—जामनगर.

॥ श्री जिनाय नमः ॥

—* ॥ श्रीचारित्रविजयगुरुभ्यो नमः ॥ *—

॥ अथ मूर्खशतकं प्रारभ्यते ॥

(गूर्जरभाषांतरोपेतं)

भाषांतरकर्ता तथा छपावी प्रसिद्धकर्ता–पंडित श्रावक हीरालाल हंसराज (जामनगरवाळा)

शृणु मूर्खशतं राजं–स्तं तं भावं विवर्जय ॥ येन त्वं राजसे लोके । दोषहीनो मणिर्यथा ॥ १ ॥

हे राजन्! तुं मुर्खशतक सांभळी अने ते ते मूर्खपणाना भावनो त्याग करी के जेथी निर्दोष मणिनीपेठे तुं जगतमां शोभा पामशे. ॥ १ ॥

सामर्थ्ये विगतोद्योगः । स्वश्लाघी प्राज्ञपर्षदि ॥ वेश्यावचसि विश्वासी । प्रत्ययी दंभडंबरे ॥ २ ॥

छती शक्तिए निरुद्यमी (१), विद्वानोनी सभामां पोते पोतानी प्रशंसा करनारो (२), वेश्याना वचनोपर विश्वास करनारो

(३), अने कपटयुक्त आडंबरमां प्रतीति राखनारो (४), मूर्ख जाणवो. ॥ २ ॥

॥ २ ॥

द्यूतादिवित्तबद्धाशः । कृष्याद्यायेषु संशयी ॥ निर्बुद्धिः प्रौढकार्यार्थी । विविक्तरसिको वणिक् ॥३॥

जुगारआदिकथी धन मेळववानी आशावाळो (५), खेतीआदिकनी पेदाशमां संशय करनारो (६), बुद्धिरहित छतां महान् कार्य करवानी इच्छावाळो (७), अने व्यापारी छतां इंद्रिओना विषयोमां आसक्त थयेलो (८) मूर्ख जाणवो. ॥ ३ ॥

ऋणेन स्थावरक्रेता । स्थविरः कन्यकावरः ॥ व्याख्याता चाश्रुते ग्रंथे । प्रत्यक्षार्थेऽप्यपह्नवी ॥४॥

करज करीने स्थावर मिल्कत वेचाथी लेनारो (९), वृद्ध होवाछतां कन्यासाथे लग्न करनारो (१०), नही सांभळेला शास्त्रनुं व्याख्यान करनारो (११) अने प्रत्यक्ष देखाता पदार्थने पण नही माननारो (१२) मूर्ख जाणवो. ॥ ४ ॥

चपलापतिरीर्ष्यालुः । शक्तशत्रोरशंकितः ॥ दत्वा धनान्यनुशयी । कविना हठपाठकः ॥ ५ ॥

कुलटा स्त्रीनो स्वामी छतां (तेणीना दुराचारमाटे) ईर्ष्या करनारो (१३), बलवान शत्रुथी पण शंका नही राखनारो (१४), धन आपीने पाछळथी पश्चात्ताप करनारो (१५), अने कविनीसाथे हठवाद करनारो (१६) मूर्ख जाणवो. ॥ ५ ॥

अप्रस्तावे पटुर्वक्ता । प्रस्तावे मौनकारकः ॥ लाभकाले कलहकृ-न्मन्युमान् भोजनक्षणे ॥ ६ ॥

॥ २ ॥

अवसर विना चतुराइथी भाषण करनारो (१७), अवसर आव्यो मौन रहेनारो (१८), लाभ थवाने अवसरे क्लेश

करनारो (१९) अने भोजन वखते क्रोध करनारो (२०) मूर्ख जाणवो. ॥ ६ ॥

कीर्णार्थः स्तोकलाभेन । लोकोक्तेः क्लिष्टसंवृतः ॥ पुत्राधीने धने दीनः । पत्न्यायत्तार्थयाचकः ॥७॥

स्वल्प लाभमाटे धनने विखेरनारो (२१), लोकोना वचनथी खीज धरनारो (२२) पुत्रने धन सोंपी देइ दीनता धरनारो (२३), अने स्त्रीने स्वाधीन करेलां धननी तेणीनी पासेथी फरी याचना करनारो (२४) मूर्ख जाणवो. ॥ ७ ॥

भार्याखेदात्कृतोद्वाहो । पुत्रकोपात्तदंतकः ॥ कामुकस्पर्धया दाता । गर्ववान् मार्गणोक्तिभिः ॥८॥

एक स्त्रीथी कंटाळीने बीजी स्त्रीसाथे विवाह करनारो (२५), पुत्रना क्रोधथी तेनुं खून करनारो (२६), कोइ कामी पुरुषनी स्पर्धा करीने (वेश्याआदिकने) धन आपनारो (२७), अने याचकोनां मिष्ट वचनोथी अहंकार करनारो (२८) मूर्ख जाणवो. ॥८॥

धीदर्पान्न हितश्रोता । कुलोत्सेकादसेवकः ॥ दत्वार्थान् दुर्लभान् कामी । दत्वा शुल्कममार्गगः ॥९॥

पोतानी बुद्धिना अहंकारथी (परनां) हितकारी वचनोने नही सांभळनारो (२९), पोताना उंचां कुलना अभिमानथी (राजाआदिकनी) नोकरी नही करनारो (३०), दुर्लभ एवुं धन आपीने काम सेवनारो (३१), अने जगात भर्याछतां पण गुप्त मार्गोथी जनारो (३२) मूर्ख जाणवो. ॥ ९ ॥

लुब्धे भुभुजि लाभार्थी । न्यायार्थी दुष्टशास्तरि ॥ कायस्थे स्नेहबद्धाशः । क्रूरे मंत्रिणि निर्भयः ॥१०॥

॥ ४ ॥

लोभी राजापासेथी लाभ मेळववानी इच्छावाळो (३३), दुष्ट राजापासेथी न्याय मेळववानी आकांक्षा करनारो (३४), कायस्थजातिना मनुष्यसाथे स्नेह राखवानी आशावाळो (३५), अने निर्दय मंत्रिथी निर्भय रहेनारो (३६) मूर्ख जाणवो. ॥ १० ॥

कृतघ्ने प्रतिकार्यार्थी । नीरसे गुणविक्रयी ॥ स्वास्थ्ये वैद्यक्रियान्वेषी । रोगी पथ्यपराङ्मुखः ॥११॥

करेला उपकारने नही जाणनारपर उपकार करनारो (३७), सांभळवामाटे जेने रस न पडतो होय, तेवा माणसपासे पोताना गुणो कहेनारो (३८), निरोगी छतां वैद्यक्रियानी गवेषणा करनारो, एटले शोकने खातर विविध प्रकारनां स्वादिष्ट चूर्णआदिक औषधो खानारो (३९.), अने रोगी छतां पथ्यथी वेगळो रहेनारो (४०) मूर्ख जाणवो. ॥ ११ ॥

लोभेन स्वजनत्यागी । वाचा मित्रप्रहासकृत् ॥ लाभकाले कृतालस्यो । महर्द्धिः कलहप्रियः ॥१२॥

लोभने वश थइ पोताना स्वजनोनो त्याग करनार (४२), लाभ मळवाने समये आळस करनारो (४३), अने घणुं धन छतां कंकास करनारो (४४) मूर्ख जाणवो. ॥ १२ ॥

॥ ४ ॥

राज्यार्थी गणकस्योक्ते-मूर्खमित्रकृतादरः ॥ शूरो दुर्बलबोधाय । दृष्टदोषांगनारतः ॥ १३ ॥

ज्योतिषीना वचनथी राज्य मेळववानी अभिलाषा करनारो (४५), मूर्ख मित्रप्रते आदरसत्कार करनारो (४६),

निर्बलने शिक्षा करवामाटे शूरवीर (४७), अने स्त्रीना दोषो प्रत्यक्ष जोया छतां पण तेमते आसक्ति राखनारो (४८) मूर्ख जाणवो. ॥ १३ ॥

क्षणरागी गुणाभ्यासे । संचयेऽन्यैः कृतव्ययः ॥ नृपानुकारी मानेन । जने राजादिनिंदकः ॥१४॥

गुणोनो अभ्यास करवामां क्षणिक उत्साहवाळो (४९), बापदादाए संचय करेलुं धन उडाडनारो (५०), अहंकारथी राजानुं अनुकरण करनारो (५१), अने जाहेरमां राजाआदिकनी निंदा करनारो (५२) मूर्ख जाणवो. ॥ १४ ॥

दुःखे दर्शितदैन्यार्त्तिः । सुखे विस्मृतदुर्गतिः ॥ बहुव्ययोऽल्परक्षार्थं । परीक्षायै विषाशनः ॥१५॥

दुःख पड्ये दीनपणानी पीडा देखाडनारो (५३), सुखी अवस्थामां दुर्गतिने विसारी मूकनारो (५४), स्वल्प आबरुआदिकना रक्षणमाटे घणां द्रव्यनुं खरच करनारो (५५), अने फक्त परीक्षा करवामाटे विषनुं भक्षण करनारो (५६) मूर्ख जाणवो. ॥ १५ ॥

दग्धार्थो धातुवादेन । रसायनैः रसक्षयी ॥ आत्मसंभावनास्तब्धः । क्रोधादात्मवधोद्यमः ॥ १६ ॥

धातुवादथी एटले पाराआदिकनी रसायनक्रियाथी धन मेळववानी लालचे धननो धूमाडो करनारो (५७), रसायनोना भक्षणथी शरीरनी धातुओनो विनाश करनारो (५८), पोताने मळतां सन्मानथी अक्कड रहेनारो (५९), अने क्रोधथी आपघात

॥ ५ ॥

करवाने तत्पर थयेलो (६०) मूर्ख जाणवो. ॥ १६ ॥

नित्यं निष्फलसंचारी । युद्धप्रेक्षी शराहतः ॥ शयी शक्तविरोधेन । स्वल्पार्थः स्फीतडंबरः ॥ १७ ॥

हमेशां प्रयोजनविना ज्यां त्यां फरनारो (६१), बाणआदिकथी घायल थयाछतां थतुं युद्ध जोवा उभनारो (६२), बलवानसाथे वैर करीने निश्चितपणे निद्रा करनारो (६३), अने स्वल्प धन छतां महोटो आडंबर राखनारो [६४) मूर्ख जाणवो. ॥ १७ ॥

पंडितोऽस्मीति वाचालः ॥ सुभटोऽस्मीति निर्भयः ॥ प्रफुल्लितोऽतिस्तुतिभि-र्मर्मभेदी स्मितोक्तिभिः॥१८॥

हुं विद्वान् छुं, एम मानीने घणुं घणुं बोलनारो (६५), हुं सुभट छुं, एम मानीने हमेशां निर्भय रहेनारो (६६), कोइये घणी स्तुति करवाथी फुलाइ जनारो (६७), अने मश्करीभरेलां वचनोवडे परना मर्मस्थानोने भेदनारो (६८) मूर्ख जाणवो. ॥ १८ ॥

दरिद्रहस्तन्यासार्थी । संदिग्धार्थे कृतव्ययः ॥ स्वव्यये लेख्यकालस्यो । दैवाशात्यक्तपौरुषः ॥१९॥

दरिद्रीहस्तक द्रव्यनी थापण राखनारो (६९), लाभ मळवानो जेमां संशय होय, तेवा व्यापारआदिकमां खर्च करनारो (७०), पोताना खर्चना संबंधमां हिसाब राखवामां आळसवाळो (७१), अने लाभ अलाभ तो दैवाधीन छे, एम विचारी

उद्यमने तजीदेनारो (७२) मूर्ख जाणवो. ॥ १९ ॥

गोष्ठीरतिर्दरिद्रश्च । दैन्ये विस्मृतभोजनः ॥ गुणहीनः कुलश्लाघी । गीतगायी खरस्वरः ॥ २० ॥

दरिद्र छतां गोष्टीमां एटले खानपान आदिकनी मंडलीमां आसक्त (७३), दीनपणुं प्राप्त थवाथी एटले दिलगिरीना वखते भोजनने विसारी मूकनारो (७४), गुणरहित छतां पोताना कुलनी प्रशंसा करनारो (७५), अने गधेडासरखो अवाज छतां गायन गानारो (७६) मूर्ख जाणवो. ॥ २० ॥

नार्यभयान्निबद्धार्थो । कार्पण्यार्जितदुर्यशः ॥ व्यक्तदोषजनश्लाघी । सभामध्यार्धनिर्गतः ॥ २१ ॥

स्त्रीना भयथी धनने गुप्त राखनारो (७७), कृपणताथी अपजश उपार्जन करनारो (७८), जेना दोषो प्रगटपणे देखाता होय तेवा माणसनी प्रशंसा करनारो (७९), तथा सभामांथी अधवचे उठी जनारो (८०) मूर्ख जाणवो. ॥२१॥

दूतो विस्मृतसंदेशः । कासवांश्चौरिकारत ॥ भूरिभोज्यव्ययः कीर्त्यै । श्लाघायै स्वल्पभोजनः ॥२२॥

कासदपणुं करतांछतां संदेशानुं विस्मरण करनारो (८१), खांसीनुं दरद छतां चोरी करवामां आसक्त (८२) कीर्तिमाटे जमणवार करवामां घणुं द्रव्य खरचनारो (८३), अने पोतानी प्रशंसा कराववामाटे स्वल्प भोजन करनारो (८३) मूर्ख जाणवो. ।२२।

स्वल्पे भोज्येऽतिरसिकः । प्रफुल्लस्तब्धचाटुभिः ॥ वेश्याव्यापारकलही । द्वयोर्मंत्रे तृतीयकः ॥२३॥

भोजनमाटेनी जे स्वल्प वस्तु होय, तेवी वस्तुनो रसीयो थइ वधारे मागनारो (८५), बीजानां कपटयुक्त मीठां वचनोथी फुलाइ जनारो (८६), वेश्यासाथे व्यापार करीने तेणीनीसाथे कलह करनारो (८७) अने ज्यां बे माणसो गुप्त विचार करता होय, त्यां पोते त्रीजो थइने उभनारो (८८) मूर्ख जाणवो. ॥ २३ ॥

राजप्रसादे स्थिरधी-रन्यायेन विवर्द्धिषुः ॥ अर्थहीनोऽर्थकार्यार्थी । जने गुह्यप्रकाशकः ॥ २४ ॥

राजानी थयेली मेहेरबानीमां स्थिरपणानी बुद्धि राखनारो (८९), अन्याय करीने पोताना उदयनी इच्छा राखनारो (९०), धनहीन छतां धनथी साधी शकाय एवुं कार्य करनारो (९१), अने लोकोमां पोतानी गुप्त वात प्रकाश करनारो (९२) मूर्ख जाणवो. ॥ २४ ॥

अज्ञातप्रतिभूः कीर्त्यै । हितवादिनि मत्सरी ॥ सर्वत्र विश्वस्तमना । न लोकव्यवहारवित् ॥ २५ ॥

कीर्तिमाटे अजाण्यानो जामीन पडनारो (९३), हितशिखामण आपनारप्रते द्वेष धरनारो (९४), सर्व जगोये विश्वासयुक्त मनवाळो (९५), अने लोकव्यवहारने नही जाणनारो (९६) मूर्ख छे. ॥ २५ ॥

भिक्षुकश्चोष्णभोजी च । गुरुश्च शिथिलक्रियः ॥ कुकर्मण्यपि निर्लज्जः । स्यान्मूर्खश्च सहासगीः ॥२६॥

पोते भीखारी छतां उष्ण भोजननी इच्छा करनारो (९७), पोते गुरु छतां धर्मक्रिया करवामां शिथिल आचारवाळा (९८), कुकर्म करवामां पण लज्जारहित (९९), अने मश्करीयुक्त वचन बोलनारो (१००) मूर्ख जाणवो. ॥ २६ ॥

मूर्खाणां शतमित्येत–दुक्तमव्यवहारिणां ॥ जाड्यान्निबिडतामेति । येषां पांडित्यखंडता ॥ २७ ॥

एवीरीते जेओनुं अर्धपंडितपणुं मूर्खाइथी निबिडपणाने पामे छे, एवा अज्ञानी मूर्खोमाटे आ मूर्खशतक कहेलुं छे. ॥ २७ ॥

॥ इति मूर्खशतकं सभाषांतरं समाप्तम् ॥

॥ समाप्तोऽयं ग्रंथो गुरुश्रीमच्चारित्रविजयसुप्रसादात् ॥ श्रीरस्तु ॥

(आ ग्रंथनी हाथनी लखेली प्राचीन प्रति मुनिमहाराज श्रीजशविजयजी पासेथी मळी हती, तेपरथी तेना गुजराती भाषांतर सहित आ ग्रंथ छापीने प्रसिद्ध कर्यो छे, अने ते माटे ते उक्त मुनिमहाराजनो अमें उपकार मानवामां आवे छे.)

॥ इति मूर्खशतकं समाप्तम् ॥

महुर विरेयण मेसो ॥ कायव्वो फोफलाइ दव्वेहिं ॥
निव्वाविज्ज अ अग्गी ॥ समाहिमेसो सुहं लहइ ॥ ४२ ॥

फोफलादिक द्रव्ये करीने मधुर औषधनुं विरेचन करावतुं जोइए. केमके एरीते उदरनो अग्नि होलवे थके आ अणशणनो करनारो सुखे समाधि पामे ॥ ४२ ॥

जावज्जीवं तिविहं ॥ आहारं वोसिरइ इहं खवगो ॥
निज्जवगो आयरिज्ज ॥ संघस्स निवेयणं कुणइ ॥ ४३ ॥

अणशण करनार तपस्वी जाव जीव सुधी त्रण प्रकारना आहार (अशन, खादिम, अने स्वादिम) ने अहीआं वोसिरावे छे एम निजामणा करावनार आचार्य संघने निवेदन करे ॥ ४३ ॥

आराहण पच्चइयं ॥ खमगस्स य निरुवसग्ग पच्चइयं ॥
तो उस्सगो संघेण ॥ होइ सव्वेण कायव्वो ॥ ४४ ॥

ते (तपस्वी) ने आराधना संबंधि सर्व वात निरुपसर्गपणे प्रवर्ते तो सर्व संघे वसें छप्पन श्वासोश्वासनो काउस्सग करवो ॥ ४४ ॥

पच्चक्काविंति तज्ज ॥ तं ते खवगं चउव्विहाहारं ॥
संघ समुदाय मज्झे ॥ चिइवंदण पुव्वयं विहिणा ॥ ४५ ॥

त्यार पछी ते आचार्य संघना समुदायमां चैत्यवंदन पूर्वक विधिवडे ते क्षपक (तपस्वी) ने चतुर्विध आहारनुं पच्चखाण करावे ॥ ४५ ॥

अहवा समाहि हेउं ॥ सागारं चयइ तिविहमाहारं ॥
तो पाणियंपि पच्छा ॥ वोसिरियव्वं जहाकालं ॥ ४६ ॥

अथवा समाधिने अर्थे त्रण प्रकारना आहारने सागार पणे पचखे त्यार पछी पाणीने पण अवसरे वोसिरावे. ॥ ४६ ॥

तो सो नमंतसिरसं ॥ घडंतकरकमलसेहरो विहिणा ॥
खामेइ सव्व संघं ॥ संवेगं संजणेमाणो ॥ ४७ ॥

त्यार पछी ते (अणशण करनार) मस्तक नमावीने पोताना बे हाथने मस्तके मुकुट समान करीने विधिवडे संवेग पमाडतो सर्व संघने खमावे ॥ ४७ ॥

आयरिय उवज्झाए ॥ सीसे साहम्मिए कुलगणेय ॥
जेमे केइ कसाया ॥ सव्वे तिविहेण खामेमि ॥ ४८ ॥

आचार्य, उपाध्याय, शिष्य, ^कुल अने गणना उपर में जे कोइ कषाय कर्या ते सर्वे हुं त्रिविधे खमावुंछुं ॥ ४८ ॥

सव्वे अवराहपए ॥ खामेमि अहं खमेउ मे भयवं ॥
अहमवि खामेमि तुझे ॥ गुण संघायस्स संघस्स ॥ ४९ ॥

सर्वे मारा अपराधना पद (वांक), हे भगवन् मने खमो अने हुं पण गुणना समुह वाला एवा संघने शुद्ध थइने खमावुंछुं ॥ ४९ ॥

इय वंदण खामण गरिहणेहिं ॥ भवसय समज्झियं कम्मं ॥
भवणेइ खणेण खयं, मिगावइ राइपत्तिव्व ॥ ५० ॥

आ रीते वंदन, खामणां स्व निंदाओवडे सो भवनुं उपार्जेलुं कर्म एक क्षण मात्रमां मृगावती राणीनी पेठे क्षय करे ॥ ५० ॥

अह तस्स महव्वय सुठियस्स ॥ जिण वयण भाविय मणस्स ॥
पच्चक्खायाहारस्स ॥ तिव्व संवेग सुहयस्स ॥ ५१ ॥

हवे ते (अणशण करनार) महाव्रतने विषे निश्चल रहेलाने अने जिन वचनवडे भावित थयुंछे मन जेनुं एवाने, पचख्या छे आहार जेणे एवाने, अने तिव्र संवेगवडे करीने मनोहर एवाने ॥ ५१ ॥

आराहण लाभाउ ॥ कयत्थ मप्पाणयं मणंतस्स ॥
कलुस कल तरणि लहिं ॥ अणुसठिं देइ गणिवसभो ॥ ५२ ॥

अणशण आराधनाना लाभ थकी पोताने कृतार्थ माननाराने, पापरुपी काष्टने ओलंगवाने लाकडी समान एवी शीखामण आचार्य दे ॥ ५२ ॥

कुग्गह परूढ मूलं ॥ मूलाउच्छिंद वच्छ मिच्छत्तं ॥
भावेसु परमतत्तं ॥ संमत्तं सुत्त नीइए ॥ ५३ ॥

कुग्रह (कदाग्रह) रूपी वध्युंछे मूल जेनुं एवा मिथ्यात्वने मूल थकी उखेडी नांखीने हे वत्स परम तत्त्व एवा सम्यक्त्वने सूत्रनी नीतिए भाव्य ॥ ५३ ॥

भत्तिं च कुणसु तिव्वं ॥ गुणाणुराएण वीयरायाणं ॥
तह पंच नमुक्कारे ॥ पवयणसारे रइं कुणसु ॥ ५४ ॥

वली गुणना अनुरागवडे वितराग भगवाननी तीव्र भक्ति कर ॥ तथा प्रवचननो सार एवा पांच नमस्कारने विषे अनुराग कर ॥ ५४ ॥

सुविहिय हिय निझ्झाए ॥ सझ्झाए उज्जुत्त सया होसु ॥
निच्चं पंच महव्वय ॥ रख्खं कुण आयपच्चख्खं ॥ ५५ ॥

सुविहित साधुने हितना करनार एवा स्वाध्यायने विषे हमेशां उद्यमवंत था अने नित्य पांच महाव्रतनी रक्षा आत्म समक्ष कर ॥ ५५ ॥

जसु नियाण सल्लं ॥ मोह महल्लं सुकम्म निस्सल्लं ॥
दमसु अ मुणिंद संदोदे ॥ निंदिए इंदिय मइंदे ॥ ५६ ॥

मोहे करीने मोटा अने शुभ कर्मने शल्य समान एवा नियाण शल्यने तुं त्याग कर, अने मुनिंद्रोना समुहे निंद्यां छे एवा इंद्रियरूपी मृगेंद्रोने तुं दम ॥ ५६ ॥

निव्वाण सुहावाए ॥ विश्न्न निरयाइ दारुणावाए ॥
हणसु कसायपिसाए ॥ विसय तिसाए सय सहाए ॥ ५७ ॥

निर्वाण सुखने अंतराय भूत अने नरकादिकने विषे भयंकर पात जेथी थाय छे एवा कषायरूपी पिशाचने हण, जे विषय तृष्णाना हमेशां सखाइआ छे ॥ ५७ ॥

काले अपहुसंते ॥ सामन्ने सावसेसिए इन्हिं ॥
मोह महारिउ दारण ॥ असिलठिं सुणसु अणुसठिं ॥ ५८ ॥

काल नहीं पहोंचते अने हमणां थोडुं चारित्र बाकी रहे छते मोह रूपी महा वैरीने विदारवाने माटे खड्ग अने लाठी (डांग) समान हित शिक्षाने तुं सांभल ॥ ५८ ॥

संसार मूल बीयं ॥ मिछत्तं सव्वहा विवज्जेह ॥
संमत्ते दढचित्तो ॥ होसु नमुकार कुसलो अ ॥ ५९ ॥

संसारना मूल बीज भूत एवा मिथ्यात्वने सर्व प्रकारे त्याग कर अने सम्यक्त्वने विषे दृढ चित्तवालो थइ नमस्कारना ध्यानने विषे कुशल था ॥ ५९ ॥

मियतन्हियाहिं तोयं ॥ मन्नंति नरा जहा स तन्हाए ॥
सुक्खाइं कुहम्माउ ॥ तहेव मिच्छत्त मूढ मणो ॥ ६० ॥

जेम माणसो पोतानी तृष्णावडे करीने मृगतृष्णाने विषे (झांझवाना पाणीमां) पाणी मानेछे तेम मिथ्यात्वथी मूढ मनवालो कुधर्मथकी सुखनी इच्छा करे छे ॥ ६० ॥

न वि तं करेइ अग्गी ॥ नेय विसं नेयकिन्ह सप्पोवि ॥
जं कुणइ महा दोसं ॥ तिव्वं जीवाण मिच्छत्तं ॥ ६१ ॥

जे महा दोष जीवने तीव्र मिथ्यात्व करे छे ते दोष अग्नि विष के कृष्ण सर्प पण करतो नथी ॥ ६१ ॥

पावेइ इहेव वसणं ॥ तुरुमणिदत्तुव्व दारुणं पुरिसो ॥
मिच्छत्तमोहियमणो ॥ साहु पउसाउ पावाउ ॥ ६२ ॥

मिथ्यात्वथी मूढ चित्तवाळो माणस साधु उपर द्वेष राखवा रूप पापथी तुरुमणि नगरीना दत्तनी पेठे तीव्र दुःख आ लोकमांज पामे ॥ ६३ ॥

मा कासि तं पमायं ॥ संमत्ते सव्व दुक्ख नासणए ॥
जं सम्मत्त पइठाइं ॥ नाण तव विरिय चरणाइं ॥ ६३ ॥

तुं सर्व दुःखने नाश करनार एवा सम्यक्त्वने विषे प्रमाद न करीश, जे कारण माटे सम्यक्त्वने आधारे ज्ञान, तप, वीर्य अने चारित्र रहेलां छे. ॥ ६३ ॥

भावाणुराय पिम्माणु ॥ राय सुगुणाणुराय रत्तो अ ॥
धम्माणुराय रत्तो ॥ अ होसु जिणसासणे निच्चं ॥ ६४ ॥

जेवो तुं पदार्थना उपर अनुराग करे छे, प्रेमनो अनुराग करे छे अने सद्गुणना अनुरागने विषे रक्त थाय छे तेवोज जिन शासनने विषे हमेशां धर्मना अनुरागवडे करीने रक्त था. ॥ ६४ ॥

दंसण भठो भठो ॥ नहु भठो होइ चरण पब्भठो ॥
दंसणमणुपत्तस्स उ ॥ परियट्टणं नत्थि संसारे ॥ ६५ ॥

सम्यक्त्वथी भ्रष्ट ते सर्वथी भ्रष्ट जाणवो, पण चारित्रथी भ्रष्ट थएलो बधाथी भ्रष्ट थतो नथी केमके सम्यक्त्व पामेलो जे जीव छे तेने संसारने विषे झाझुं परिभ्रमण नथी ॥ ६५ ॥

दंसण भठो भठो ॥ दंसण भठस्स नत्थि निव्वाणं ॥
सिझंति चरण रहिया ॥ दंसण रहिया न सिज्झंति ॥ ६६ ॥

दर्शन थकी भ्रष्ट ते भ्रष्ट जाणवो सम्यक्त्वथी चुकेलाने मोक्ष नथी, चारित्रथी रहित जीव मुक्ति पामेछे पण समकितथी रहित जीव मोक्ष पामता नथी ॥ ६६ ॥

सुद्धे सम्मत्ते अविरत्त वि ॥ अज्जेइ तित्थयर नामं ॥
जह आगमेसिभद्दा ॥ हरिकुल पहु सेणियाईया ॥ ६७ ॥

शुद्ध समकित छते अविरती एवो पण जीव तिर्थंकर नाम कर्म उपार्जन करे जेम आगामि कालमां कल्याण थवानुं छे जेमनुं एवा हरीकुलनो प्रभु एटले कृष्ण महाराज अने श्रेणिक विगेरे राजाओए उपार्जन कर्युं ॥ ६७ ॥

कल्लाण परंपरयं ॥ लहंति जीवा विसुद्धसम्मत्ता ॥
सम्म दंसण रयणं ॥ नग्घइ ससुरा सुरे लोए ॥ ६८ ॥

निर्मल सम्यक्त्ववाला एवा जे जीवो ते कल्याणनी परंपराने पामेछे. (केमके) सम्यक् दर्शन रुपी रत्न सुर अने असुर लोकने विषे अमुल्य छे ॥ ६८ ॥

तेलुक्कस्स पहुत्तं ॥ लद्धूणवि परिवडंति कालेणं ॥
सम्मत्ते पुण लद्धे ॥ अक्खयसुक्खं लहइ मुक्खं ॥ ६९ ॥

त्रण लोकनी प्रभुता पामीने काले करीने ते पडेछे. पण सम्यक्त्व पामे छते अक्षय सुखवालुं एवुं मोक्ष तेने जीव पामेछे ॥ ६९ ॥

अरिहंत सिद्ध चेइय ॥ पवयण आयरिय सव्वसाहूसु ॥
तिव्वं करेसु भत्तिं ॥ तिगरण सुद्धेण भावेणं ॥ ७० ॥

१. अरिहंत २. सिद्ध ३. चैत्य (जिन प्रतिमा) ४. प्रवचन सिद्धांत ५. आचार्य ६. सर्व साधु एटलाने विषे मन, वचन अने काया ए त्रण करणवडे शुद्धभावथी तीव्र भक्ति कर ॥ ७० ॥

एगावि सा समत्था ॥ जिणभत्ती दुग्गइं निवारेउं ॥
दुलहाइं लहावेउं ॥ आसिद्धि परंपर सुहाइं ॥ ७१ ॥

एकली एवी पण जिन भक्ति दुर्गतिने निवारवाने माटे समर्थ थाय छे अने ज्यां सुधी सिद्धि पामे त्यां सुधी दुर्लभ एवा परंपर सुखने मेलवी आपवा समर्थ छे ॥ ७१ ॥

विद्या वि भत्तिमंतस्स ॥ सिद्धि मुवयाइ होइ फलयाय ॥
किं पुण निव्वुइ विद्या ॥ सिज्झिह अभत्तिमंतस्स ॥ ७२

विद्या पण भक्तिवंतने सिद्ध थाय छे अने फलने आपनारी थाय छे तो वळी शी रीते मोक्षनी विद्या अभक्तिवंतने सिद्ध थाय ? ॥ ७२ ॥

तेसिं आराहण नायगाण ॥ न करिज्ज जो नरो भत्तिं ॥
धणियं पि उज्जमंतो ॥ सालिं सो ऊसरे ववइ ॥ ७३ ॥

ते आराधनाओना नायक एवा वीतराग भगवान तेनी जे माणस भक्ति न करे ते पुरुष घणो पण उ-
द्यम करतां डांगरने उखर भूमिने विषे वावेछे ॥ ७३ ॥

बीएण विणा सस्सं ॥ इच्छइ सो वास मब्भएण विणा ॥
आराहणमिच्छंतो ॥ आराहयभत्तिमकरंतो ॥ ७४ ॥

आराधकनी भक्ति नहि करतो पण आराधनाने इच्छतो एवो माणस बी विना धान्यनी अने वादला
विना वरसादनी इच्छा करेछे ॥ ७४ ॥

उत्तम कुल संपत्तिं ॥ सुह निप्फत्तिं च कुणइ जिणभत्ती ॥
मणियार सिट्ठि जीवस्स ॥ दद्दुरस्सेव रायगिहे ॥ ७५ ॥

श्री जिनेश्वर महाराजनी भक्ति उत्तम कुलने विषे उत्पत्ति अने सुखनी निष्पत्ति करेछे, जेम राजग्रह
नगरने विषे मणीआर शेठनो जीव जे देडको हतो तेने थयुं ॥ ७५ ॥

आराहण पुरस्सर मणन्न हियउ विसुद्ध लेसाउ ॥
संसार क्खय करणं ॥ तं मा मुंची नमुक्कारं ॥ ७६ ॥

आराधना पुर्वक वीजे ठेकाणे चित्त नहि आपनार विशुद्ध लेश्या थकी संसारना क्षयने करनार एवा
नवकारने तु मा मुक ॥ ७६ ॥

अरिहंत नमुक्कारो ॥ इक्कोवि हविज्ञ जो मरणकाले ॥
सो जिणवरेहिं दिठो ॥ संसारुछेयण समत्थो ॥ ७७ ॥

मरणनी वखते जो एक पण अरिहंतने नमस्कार थाय तो ते संसार उच्छेद करवाने समर्थ छे एम जिनेश्वर भगवाने कहेलुं छे ॥ ७७ ॥

मिंठो किलिठकंमो ॥ नमो जिणाणं ति सुकय पणिहाणो ॥
कमलदलख्को जख्को ॥ जाउ चोरुत्ति सूलिहिउ ॥ ७८ ॥

माठां कर्मनो करनारो एवो महाव्रत जेने चोर कहीने शूलीए दीधेलो ते पण 'नमो जिणाणं' एम कहेतो शुभ ध्याने वर्ततो कमलपत्रना जेवी आंखवालो यक्ष थयो ॥ ७८ ॥

भाव नमुक्कार विवज्जियाइं ॥ जीवेण अकय करणाइं ॥
गहियाणि य मुक्काणि य ॥ अणंतसो दव्व लिंगाइं ॥ ७९ ॥

भाव नमस्कार रहित एवां निरर्थक द्रव्य लिंग जीवे अनंती वार ग्रहण कर्यां अने मूक्यां ॥ ७९ ॥

आराहणा पडागा ॥ गहणे हत्थो भवे नमुक्कारो ॥
तह सुगइ मग्ग गमणे ॥ रहुव्व जीवस्स अपडिहउ ॥ ८० ॥

आराधना रूप पताका लेवाने विषे नमस्कार हाथ रूप थायछे, तेमज सद्गतिना मार्गे जवामां ते जीवने अप्रतिहत रथ समान छे ॥ ८० ॥

अन्नाणी विय गोवो ॥ आराहित्ता मन नमुक्कारं ॥
चंपाए सिठिसुन ॥ सुदंसणो विस्सुन जान ॥ ८१ ॥

अज्ञानी एवो पण गोवाल नवकार आराधीने मरण पाम्यो ते चंपानगरीने विषे श्रेष्ठी पुत्र सुदर्शन एवे नामे प्रख्यात थयो ॥ ८१ ॥

विद्या जहा पिसायं ॥ सुठु वनत्ता करेइ पुरिस वसं ॥
नाणं हियय पिसायं ॥ सुठु वनत्तं तह करेइ ॥ ८२ ॥

जेम विद्या सारी रीते आराधी थकी पिशाच प्रते पुरुषने वश करेछे तेम ज्ञान रुडी पेरे आराध्युं थकुं मन रुपी पिशाचने वश करेछे ॥ ८२ ॥

नवसमइ किण्ह सप्पो ॥ जह मंतेण विहिणा पनत्तेणं ॥
तह हियय किण्ह सप्पो ॥ सुठु वनत्तेण नाणेण ॥ ८३ ॥

जेम विधिए आराधेला मंत्रवडे कृष्ण सर्प उपशमे छे तेम रुडी पेरे आराधेला एवा ज्ञान वडे मन रूपी कृष्ण सर्प वश थायछे ॥ ८३ ॥

जइ मक्कडत्ति खणमवि ॥ मज्झत्थो अच्छिउं नसक्केइ ॥
तह खणमवि मज्झत्थो ॥ विसएहिं विणा न होइ मणो ॥ ८४ ॥

जेम मांकडो क्षण मात्र पण निश्चल थइ न शके तेम मन क्षणमात्र पण विषयोना आनंद विना मध्यस्थ न रही शके ॥ ८४ ॥

तम्हा स उट्ठिमाणो ॥ मण मक्कडत्ति जिणोवएसेण ॥
काउं सुत्त निबद्धो ॥ रामेयव्वो सुहेझाणे ॥ ८५ ॥

ते माटे ते उठता मनरूपी मांकडाने जिनना उपदेशवडे दोरीथी बांधेलो करीने शुभ ध्यानने विषे रमाडवो ॥ ८५ ॥

सूई जहा ससुत्ता ॥ न नस्सइ कय वरंमि पडियावि ॥
जीवो तहा ससुत्तो ॥ न नस्सई गत्ति वि संसारे ॥ ८६ ॥

जेम सोय दोरा सहित होय ते कचरामां पडी होय तो पण खोवाइ जाय नहि तेम जीव (शुभ ध्यान रूपी) दोरा सहित संसारने विषे पड्यो होय तो पण नाश पामे नहि ॥ ८६ ॥

संम सिलोगेहिं जवो ॥ जइ ता मरणाउ रक्खिउ राया ॥
पत्तोअसुसामन्नं ॥ किं पुण जिण वुत्त सुत्तेणं ॥ ८७ ॥

लौकिक श्लोकोवडे यवने जो मरण थकी राजाए बचाव्यो अने ते रुडुं साधुपणुं पाम्यो तो जिनेश्वर भगवाने कहेला एवा सूत्रवडे जीव मरणना दुःखथी छुटे एमां शुं कहेवुं ॥ ८७ ॥

अहवा चिलाइपुत्तो ॥ पत्तो नाणं तहा सुरत्तं च ॥
नवसम विवेग संवर ॥ पयसुमरण मित्त सुयनाणो ॥ ८८ ॥

अथवा उपशम, विवेक, संवर ए पदना सांभळवा मात्र श्रुत ज्ञान जेने छे एवो चिलाती पुत्र ज्ञान पाम्यो तेमज देवपणुं पाम्यो ॥ ८८ ॥

परिहर छज्जीव वहं ॥ सम मण वयण काय जोगेहिं ॥
जीव विसेसं नाउं ॥ जावज्जीवं पयत्तेणं ॥ ८९ ॥

जीवना भेदने जाणीने जावजीव प्रयत्नवडे सम्यक् मन, वचन, कायाना योगवडे छ कायना जीवना वधने त्याग कर ॥ ८९ ॥

जह ते न पियं दुक्खं ॥ जाणिय एमेव सव्व जीवाणं ॥
सव्वायर मुवउत्तो ॥ अत्तो धम्मेण कुणसुदयं ॥ ९० ॥

जेम तने दुःख वहालु लागतुं नथी एम सर्व जीवने पण दुःख गमतुं नथी एवुं जाणीने सर्व आदरवडे उपयुक्त छतो धर्मने विषे उद्यम करतो दयाने कर ॥ ९० ॥

तुंगं न मंदराउ ॥ आगासाउ विसालयं नत्थि ॥
जह तह जयंमि जाणसु ॥ धम्ममहिंसासमं नत्थि ॥ ९१ ॥

जेम जगतने विषे मेरु पर्वत थकी कंइ उंचुं नथी अने आकाश थकी कंइ मोटुं नथी तेम अहिंसा समान धर्म नथी ॥ ९१ ॥

सव्वे विय संबंधा ॥ पत्ता जीवेण सव्वे जीवेहिं ॥
तो मारंतो जीवं ॥ मारइ संबंधिणो सव्वे ॥ ९२ ॥

सर्व पण (सघळाए) संबंधो सर्वे जीवो साथे आ जीवे पाम्या तेथी जीवने मारतो छतो सर्व संबंधिओने मारे छे ॥ ९२ ॥

जीव वहो अप्पवहो ॥ जीवदया अप्पणो दया होइ ॥
ता सव्व जीवहिंसा ॥ परिचत्ता अत्त कामेहिं ॥ ९३ ॥

जीवनो वध ते आपणोज वध जाणवो अने जीवनी दया छे ते आपणीज दया छे तेथी आत्माना सुखने इच्छता जीवोए सर्व जीव हिंसा त्याग करी छे ॥ ९३ ॥

जावइयाइं दुख्काइं ॥ हुंति चउगइगयस्स जीवस्स ॥
सव्वाइं ताइं हिंसा ॥ फलाइं निउणं वियाणाहिं ॥ ९४ ॥

जेटलां दुःखो चार गतिमां रखडता जीवने थाय छे ते सर्वे हिंसानां फल छे एम सुक्ष्म बुद्धिथी जाण ॥ ९४ ॥

जंकिंचि सुहमुयारं ॥ पहुत्तणं पगइ सुंदरं जं च ॥
आरुग्गं सोहग्गं ॥ तं तमहिंसाफलं सव्वं ॥ ९५ ॥

जे कंई मोटुं सुख अने प्रभुपणुं जे कंइ स्वभाविक रीते सुंदर छे, निरोगपणुं, सौभाग्यपणुं छे ते ते सर्वे अहिंसानुं फल समजवुं ॥ ९५ ॥

पाणोवि पाडिहेरं ॥ पत्तो बूढोविसुंसुमारदहे ॥
एगेण वि एग दिण ख्रिएण ॥ हिंसावय गुणेणं ॥ ९६ ॥

चंडाल पण सुसुमार द्रहने विषे एक दिवसमां एक जीव बचाववाथी उत्पन्न थएलो अहिंसा व्रतना गुणवडे देवतानुं सानिध्य पाम्यो ॥ ९६ ॥

परिहर असच्च वयणं ॥ सव्वंपि चउव्विहं पयत्तेण ॥
संजमवंता वि जउ ॥ भासा दोसेण लिप्पंति ॥ ९७ ॥

असत्य चार प्रकारनुं छे तेनां नाम १. अछतानुं प्रगट करवुं, जेम आत्मा सर्वगत छे. २. बीजा अर्थनुं कहेवुं जेम गो शब्दे श्वान. ३. छताने ओलववुं, जेम आत्मा नथी. ४. निंदानुं करवुं, जेम चोर न होय तेने

चोर कहेवो, ए सर्वे पण चार प्रकारना असत्य वचनने प्रयत्नवडे करीने त्याग कर जे माटे संजमवंत पुरुषो पण भाषाना दोषवडे (असत्य भाषणवडे कर्मथी) लेपाय छे. ॥ ९७ ॥

हासेण व कोहेण व ॥ लोहेण भएण वा वि तमसच्चं ॥
मा भणसु भणसु सच्चं ॥ जीवहियत्थं पसत्थमिणं ॥ ९८ ॥

वली हास्यवडे क्रोधवडे लोभवडे अने भयवडे ते असत्य ना बोल पण जीवने हितनुं करनारुं अने सुंदर एवुं सत्य वचन बोल ॥ ९८ ॥

विस्ससणिज्जो माया ॥ व होइ पुज्जो गुरुव्व लोअस्स ॥
सयणुव्व सच्चवाइ ॥ पुरिसो सव्वस्स होइ पिउ ॥ ९९ ॥

सत्यवादी पुरुष मातानी पेठे विश्वास राखवा लायक अने गुरुनी पेठे लोकने पूजवा योग्य अने सगानी पेठे सर्वने वहालो लागे छे. ॥ ९९ ॥

होउ व जडी सिहंडी ॥ मुंडी वा वक्कलि वंन ग्गो वा ॥
लोए असच्चवाइ ॥ भंनइ पासंड चंडालो ॥ १०० ॥

जटावंत होय अथवा शिखावंत होय, मुंड होय अथवा वल्कल (झाडनी छाल) पहेरनार होय, अथवा नग्न होय तोपण लोकने विषे असत्यवादी, पाखंडी अने चंडाल केहेवायछे ॥ १०० ॥

अलियं सयंपि भणियं ॥ विहणइ बहुआइं सच्च वयणाइं ॥
पडिन नरयंमिवसू ॥ इक्केण असच्चवयणेण ॥ १०१ ॥

एकवार पण जूठुं बोल्युं थकुं घणा सत्य वचनोनो नाश करेछे केमके एक असत्य वचनवडे वसुराजा नरकने विषे पड्यो ॥ १०१ ॥

माकुणसु धीर बुद्धिं ॥ अप्पं व बहुं व परधणं घित्तुं ॥
दंतंतर सोहणयं ॥ किलिं च मित्तंपि अविदिन्नं ॥ १०२ ॥

हे धीर, थोडुं के वधारे पारकुं धन (जेवुं के) दांत खोतरवाने माटे एक सळी मात्र पण अदत्त लेवाने बुद्धि न कर ॥ १०२ ॥

जो पुण अत्थं अवहरइ ॥ तस्स सो जीवियंपि अवहरइ ॥
जं सोअत्थ कएणं ॥ उज्झइ जीयं न उण अत्थं ॥ १०३ ॥

वळी जे पुरुष पैसो हरण करेछे ते तेनुं जीवित पण हरण करेछे जे कारण माटे ते पुरुष पैसाने माटे जीवनो त्याग करेछे पण पैसाने मेलतो नथी ॥ १०३ ॥

तो जीवदया परमं ॥ धम्मं गहिऊण गिन्ह मादिन्नं ॥
जिण गणहर पडिसिद्धं ॥ लोग विरुद्धं अहम्मं च ॥ १०४ ॥

तो जीवदया रुप परम धर्मने ग्रहण करीने अदत्त न ले केमके जिनेश्वर भगवाने अने गणधर भगवाने निषेध्युं छे तेमज लोक विरुद्ध अने अधर्म छे ॥ १०४ ॥

चोरो परलोगंमि वि ॥ नारय तिरिएसु लहइ दुक्खाइं ॥

मणुयत्तणे विदीणो ॥ दारिद्दोवद्दुत्त होइ ॥ १०५ ॥

चोर परलोकमां पण नरक तिर्यचने विषे घणां दुःखो पामेछे; मनुष्यपणाने विषे पण दीन थाय अने दरिद्रतावडे पीडाएलो होय ॥ १०५ ॥

चोरिक्क निवित्तीए ॥ सावय पुत्तो जहा सुहं लहइ ॥

किढि मोर पिछ चित्तियं ॥ गुठी चोराण चलणेसू ॥ १०६ ॥

चोरी थकी निवर्तेलो श्रावकनो पुत्र जेम सुख पाम्यो, कीटी नामनी डोशीने घेर चोर पेठा ते चोरोना पगोने विषे अंगुठो मोर पिंछवडे चितर्यो ते एधानीए राजाए ओळखीने श्रावकना पुत्रने टाळीने बधा चोर मार्या ॥ १०६ ॥

रक्खाहिं बंभचेरं ॥ बंभगुत्तीहिं नवहिं परिसुद्धं ॥

निच्चंजिणीहि कामं ॥ दोसप्पकामं वियाणित्ता ॥ १०७ ॥

नव ब्रह्मचर्यनी गुप्ति तेणे करी शुद्ध एवुं ब्रह्मचर्य तेने रक्षण कर; नित्य घणा दोषथी भरेलो एवो जाणीने कामने जीत ॥ १०७ ॥

जावइया किरदोसा ॥ इहपरलोए डुहावहाहुंति ॥
आवहइ तेत सव्वे ॥ मेहुण सन्ना मणुस्सस्स ॥ १०८ ॥

खरेखर जेटला दोष आ लोक अने परलोकने विषे दुःखना करनारा छे ते बधा दोषोने मनुष्यनी मैथुन संज्ञा लावेछे ॥ १०८ ॥

रइ अरइ तरल जीहा ॥ जुएण संकप्प नुप्पम्म फणेण ॥
विसय बिलवासिणा ॥ मय मुहेण बिव्बो अरोसेण ॥ १०९ ॥

रति अने अरतिरुप चंचल वे जीभवाला अने संकल्प रुप प्रचंड फणावाला अने विषयरुप बीलमां वसनारा अने मदरुप मुखवाला अने गर्वथी अनादररुप रोषवाला ॥ १०९ ॥

काम न्नुअंगेण दठा ॥ लज्जा निम्मोय दप्प दाढेण ॥
न्नासंति नरा अवसा ॥ डुस्सह डुरकावह विसेण ॥ ११० ॥

लज्जारुप कांचलीवाला अने अहंकाररुप दाढवाला अने दुःसह दुःखकारक विषवाला एवा काम भुजंगवडे डसाएला माणसो परवश थएला देखायछे ॥ ११० ॥

लद्धक नरय वियणाउ घोर संसार सायरुव्वहणं ॥
संगडइ न पिच्छइ ॥ तुच्छत्तं कामिय सुहस्स ॥ १११ ॥

रौद्र नरकनी वेदनाओ अने घोर एवा संसार सागर तेनुं वहन करवुं तेने पामे पण कामित सुखनुं तुच्छपणुं न देखे ॥ १११ ॥

वम्मह सरसय विद्धो ॥ गिद्धो वणिउव्वराय पत्तिए ॥
पाउ रवालय गेहे ॥ दुगंधेणेग सो वसिउ ॥ ११२ ॥

कामना सेंकडो वाणवडे विंधाएलो अने गृद्ध थएलो एवो वाणीओ जेम राजानी स्त्रीए पायखानाना खालनी अंदर नांख्यो ते अनेक दुर्गंधोने सहन करतो त्यां रह्यो ॥ ११२ ॥

कामा सत्तो न मुणइ ॥ गम्मा गम्मं पि वेसियाणुव्व ॥
सिट्ठी कुबेरदत्तो ॥ नियय सुया सुरय रइ रत्तो ॥ ११३ ॥

कामासक्त माणस वेश्यानी पेठे गम्य अने अगम्यने न जाणे जेम कुबेरदत्तशेठ पोतानी तरत बाळक-ने जन्म आपनारी माताना उपर सुरत विषय सुखथी रक्त थएलो रह्यो ॥ ११३ ॥

पम्हि पिच्छिय कामकलिं ॥ कामग्घत्था सुमुय सुंअणुबंधं ॥
महिला सुदोस विसव, ल्लरीसु पयइं नियच्छंतो ॥ ११४ ॥

कंदर्प व्याप्त एवी अने दोषरूप विषनी वेलडीओ एवी स्त्रीओने विषे प्रेर्यो छे काम कलह जेणे एवा प्रतिबंधने (आसक्तिने) स्वभावथी जोता एवा तमे छोडीदो ॥ ११४ ॥

महिला कुलं सुवंसं ॥ पइं सुयं मायरंव पियरंवा ॥
विसअंधा अगणंती ॥ दुक्ख समुद्दंमि पाडेइ ॥ ११५ ॥

स्त्री–विषयमां आंधली थइ छती कुल, वंश, पति, पुत्र, माता तेमज पिताने नहि गणकारती दुःख समुद्रने विषे पाडेछे ॥ ११५ ॥

नीयं गमाहिं सुपत्त हराहिं ॥ नप्पिच्छ मंथर गइहिं ॥
महिलाहिं निन्नयाहिंव ॥ गिरिवर गुरुया विभिज्जंति ॥ ११६ ॥

स्त्रीओ नीचगामीनी पक्षे (ढळती जमीनमां जनारी) सारा स्तनवाली पक्षे (सुंदर पाणीने हरण करनारी) देखवा योग सुंदर अने मंद मंद गतीवाली नदीओनी पेठे मेरु पर्वत जेवा भारे (पुरुषो) ने पण भेदी नांखेछे ॥ ११६ ॥

सुट्ठु वि जियासु सुट्ठु वि पियासु ॥ सुट्ठु वि परूढ पिम्मासु ॥
महिलासुजुअगीसु अ ॥ विसंभं नाम को कुणइ ॥ ११७ ॥

अतिशय परिचयवाली अने अतिशय प्रिय एवी वली अतिशय प्रेमवंत एवी पण स्त्रीओ रुप सापणोने विषे खरेखर कोण विश्वास करे ॥ ११७ ॥

विसंभ निप्परं पिहु, उवयार परं परूढ पिम्मंपि ॥
कय विप्पियं पइं ऊत्ति ॥ निंति निहणं हयासाउ ॥ ११८ ॥

अति विश्वासवंत एवा अने उपकारने विषे तत्पर एवा ने उत्पन्न थयो छे प्रेम ते जेने एवा पण पतिने एकवार अप्रिय करवाथी तरतज ते अधम स्त्रीओ मरण पमाडेछे ॥ ११८ ॥

रमणिय दंसणाउ ॥ 'सो मालं गीउ' गुण निबद्धाउ' ॥
नव मालाइ मालाउ वहरंति हिययं महिलियाउ ॥ ११९ ॥

सुंदर देखाती एवी अने सुकुमार अंगवाली अने गुणथी (दोरीथी) बंधाएली नवी जाइनी माला जेवी स्त्रीओ पुरुषना हृदयने हरेछे ॥ ११९ ॥

किंतु महिलाण तासिं ॥ दंसण सुंदर जणिय मोहाणं ॥
आलिंगण मयरा देइ ॥ बज्झ मालाण वविणासं ॥ १२० ॥

दर्शनना सुंदरपणाथी उत्पन्न कर्यो छे मोह ते जेमने एवी स्त्रियोना आलिंगनरुप मदिरा कणेरनी वध्य मालानी पेठे पुरुषोने विनाश आपेछे ॥ १२० ॥

रमणीण दंसणं चेव ॥ सुंदरं होउ संगम सुहेणं ॥
गंधोव्विय सुरहोमालईइ ॥ मलणं पुण विणासो ॥ १२१ ॥

स्त्रीनुं दरशन खरेखर रुडुं छे, माटे संगमना सुखवडे करीने सर्युं; मालानो गंध पण सुगंधीदार होय पण मर्दनवडे विनाश पामे ॥ १२१ ॥

साकेयपुराहिवइ ॥ देव रइ रज्ज सुक्ख पब्भठो ॥
पंगुल हेउं वूढो ॥ वूढोय नईइ देवीए ॥ १२२ ॥

साकेत नगरनो अधिपति देवरति नामे राजा राज्यना सुखथी भ्रष्ट थयो, पांगलाने माटे ते नदीमां पडयो अने ते नदीरूप देवीने विषे बुडयो ॥ १२२ ॥

सोय सरी दुरिय दरी ॥ कवड कुडी महिलिया किलेस करी ॥
वयर विरोयण अरणी ॥ दुक्ख खणी सुक्खपडिवक्खा ॥ १२३ ॥

शोकनी नदी अने दुरितनी गुफा, कपटनुं घर अने क्लेशनी करनारी अने वैररुपी अग्निने सलगाववाने अरणीना लाकडा समान अने दुःखनी खाण अने सुखनी प्रतिपक्षी स्त्री छे ॥ १२३ ॥

अमुणिय मण परिक्कम्मो ॥ सम्मं को नाम नासिउं तरइ ॥
वम्मह सर पसरोहे ॥ दिट्ठिछोहेमयच्छीणं ॥ १२४ ॥

कामना बाणनो विस्तार छे जेमां एवा मृगाक्षीओ (स्त्रीओ) नां दृष्टिनां कटाक्षने विषे अणजाण्यो पणो छे मननो निग्रह जेनो एवो कयो पुरुष सम्यक प्रकारे नाशी जवाने समर्थ थाय छे ॥ १२४ ॥

घण मालाउ व दुरुन्न ॥ मंत सुपउहराउ वड्ढंति ॥
मोहविसं महिलाउ ॥ आलक्क विसं व पुरिसस्स ॥ १२५ ॥

अतिशय उंचां अने घणां बादलां वाळी एवी मेघमाळा जेम हडकवाना विषने वधारे तेम अतिशय उंचा पयोधर (स्तन) वाळी स्त्रीओ पुरुषना मोह विषने वधारे छे ॥ १२५ ॥

परिहरसु तउ तासिं ॥ दिट्ठिं दिट्ठीविसस्स व अहिस्स ॥
जं रमणि नयण बाण ॥ चरित्त पाणे विणासंति ॥ १२६ ॥

ते माटे ते स्त्रीओनी दृष्टिने दृष्टिविष सर्पनी दृष्टिनी पेठे तमे त्याग करो; केमके स्त्रीनां नेत्र बाण चारित्ररुपी प्राणनो नाश करेछे ॥ १२६ ॥

महिला संसग्गीए ॥ अग्गी इव जं च अप्पसारस्स ॥
मयणं व मणो मुणिणो ॥ विहंत सिग्घं चिय विलाइ ॥ १२७ ॥

स्त्रीनी संगतिथी अल्प सत्ववाला मुनिनुं पण मन अग्निथी जिम मीण ओगली जाय तेनी पेठे खरेखर गली जाय छे ॥ १२७ ॥

जइवि परिचत्त संगो ॥ तव तणु यंगो तहावि परिवडइ ॥

महिला संसग्गीए ॥ कोसा ज़वणू सियव्व रिसी ॥ १२८ ॥

जो पण स्त्रीना सर्व संगने त्याग करनार अने तपवडे करीने पातळा अंगवालो होय तोपण कोशाना घरने

नी पेठे

विषे वसनार सिंह गुफावासी ऋषि स्त्रीना संगथी चली गयेलो॥ १२८ ॥

सिंगार तरंगाए ॥ विलास वेलाए जोव्वण जलाए ॥

के के जयंमि पुरिसा ॥ नारि नईए न बुड्डंति ॥ १२९ ॥

शृंगार रुपी कल्लोलो छे जेमां अने विलास रुपी भरती छे जेमां जुवानी रुपी पाणी छे जेमां एवी स्त्री रुपी नदीने विषे जगतने विषे क्या क्या पुरुषो नथी डुबता ॥ १२९ ॥

विसय जलं मोह कलं ॥ विलास बिब्बोय जलयरा इण्णं ॥

मय मयरं उत्तिन्ना ॥ तारुन्नमहण्णवं धीरा ॥ १३० ॥

धीर पुरुषो, विषय रुप जलवाला, अने मोह रुपी कादववाला, अने विलास अने अभिमान रुपी जलचर वाला, मद रुपी मगरवाला, एवा जुवानी रुपी समुद्रने तरी गया ॥ १३० ॥

अभ्भिंतर बाहिरए ॥ सव्वे संगे तुमं विवज्जेहिं ॥

कय कारिय णुमईहिं ॥ कायमणो वाय जोगेहिं ॥ १३१ ॥

करवुं, करावबुं अने अनुमोदवा रुप त्रण करणवडे अने मन, वचन, कायाना जोगोवडे अभ्यंतर अने बाहिर एवा सर्वे संगोने तुं त्याग कर. ॥ १३१ ॥

संग निमित्तं मारई ॥ जणइ अलियं करेइ चोरिक्कं ॥
सेवइ मेहुण मिच्छं ॥ अप्परिमाणं कुणइ जीवो ॥ १३२ ॥

प्रसंग पडे संगना हेतुथी जीवने मारे, जूठुं बोल, चोरी करे, मथुन सेवे, अने जीव इच्छानुं अपरिमाण करे (परिग्रहनुं परिमाण न करे) ॥ १३२ ॥

संगो महा भयं जं ॥ विहेडिओ सावएण संतेणं ॥
पुत्तेण हिए अत्थंमि ॥ मुणिवइ कुंचिएण जहा ॥ १३३ ॥

संग मोटा भयनुं कारण छे, केमके पुत्रे द्रव्य चोरे छते श्रावक कुंचिक शेठे मुनिपती रुषीने वहेमथी पीडा उपजावी ॥ १३३ ॥

सव्वग्गंथ विमुक्को ॥ सीइभूओ पसंतचित्तो य ॥
जं पावइ मुत्तिसुहं ॥ न चक्कवट्टी वि तं लहइ ॥ १३४ ॥

बाह्य अने अभ्यंतर परिग्रहथी मुक्त, शीतल परिणामवालो, अने उपशांत चित्तवालो एवो पुरुष जेवुं निर्लोभपणानुं सुख पामे ते सुख चक्रवर्ति पण न पामे ॥ १३४ ॥

निस्सल्लस्सेह महव्वयाइं ॥ अक्खंड निव्वण गुणाइं ॥
उवहमंति य ताइं ॥ नियाण सल्लेण मुणिणो वि ॥ १३५ ॥

शल्य रहित पुरुषने महाव्रतो अखंड होय अने अतिचार रहित होय; ते महाव्रतोने नियाण शल्यवडे मुनीयो पण उपघात पमाडे छे ॥ १३५ ॥

अह राग दोस गब्भं च ॥ मोहगब्भं च तं भवे तिविहं ॥
धम्मत्थं हीण कुलाइं ॥ पत्थणं मोह गब्भं तं ॥ १३६ ॥

ते नियाण शल्य राग गर्भित, द्वेष गर्भित अने मोह गर्भित ए रीते त्रण प्रकारे थाय छे; धर्मने काजे हीण कुलादिकनी प्रार्थना करे ते मोह गर्भित नियाणुं समजवुं. ॥ १३६ ॥

रागेण गंगदत्तो ॥ दोसेण विस्सभूइमाईया ॥
मोहेण चंडपिंगल ॥ माईया हुंति दिठंता ॥ १३७ ॥

राग नियाणाने माटे गंगदत्त, अने द्वेष नियाणाने माटे विश्वभूति (महावीर स्वामिनो जीव) अने मोह नियाणे चंडपिंगल आदि दृष्टांत प्रसिद्ध छे ॥ १३७ ॥

अगणिय जो मोक्ख सुहं ॥ कुणइ नियाणं असार सुह हेउं ॥
सो कायमणि कएणं ॥ वेरुलिय मणिं पणासेइ ॥ १३८ ॥

जे मोक्षना सुखने अवगणीने असार सुखनुं कारण एवुं नियाणुं करे ते पुरुष काचमणिने माटे वैडूर्य रत्नने नाश करे छे ॥ १३८ ॥

दुक्खक्खय कम्मक्खय ॥ समाहि मरणं च बोहिलाभो य ॥
एयं पत्थेयव्वं ॥ न पत्थणिज्जं तउ अन्नं ॥ १३९ ॥

दुःखक्षय अने कर्मक्षय समाधि मरण अने बोधी बीजनो लाभ एटलां वानांनी प्रार्थना करवी एटले इच्छवां तेथी बीजुं कंइ मागवुं नहि ॥ १३९ ॥

उज्झिय नियाण सल्लो ॥ निसिभत्त नियत्ति समिय गुत्तीहिं ॥
पंच महव्वय रक्खं ॥ कय सिव सुक्खं पसाहेइ ॥ १४० ॥

नियाण शल्यने त्याग करीने रात्रि भोजनथी निवृत्ति करी पांच समिति ने त्रण गुप्तिए करीने सहित पंच महाव्रतनी रक्षा करे ते मोक्ष सुखने साधे छे. ॥ १४० ॥

इंदिय विसय पसत्ता ॥ पडंति संसार सायरे जीवा ॥
पक्खिव छिन्न पक्खा ॥ सुसील गुण पेहुण विहुणा ॥ १४१ ॥

इंद्रियोना विषयमां आसक्त थएला जीवो सुशील गुण रुप पीछां विनाना अने छेदाएली पांखवाला पक्षीओनी पेठे संसार सागरमां पडे छे ॥ १४१ ॥

न लहइ जहा लिहंतो ॥ सुहिल्लियं अठियं रसं सुणउ ॥
सोसइ तालुय रसियं ॥ विलिहंतो मन्नए सोक्खं ॥ १४२ ॥

जेम श्वान (कुतरो) हाडकाना रसने सुखे सुखे चाटतो थको खरुं सुख नथी पामतो अने ताळवानो रस शोषवेछे पण ते चाटतो सुख माने छे ॥ १४२ ॥

महिलाय संग सेवि ॥ न लहइ किंचिवि सुहं तहा पुरिसो ॥
सो मन्नए वराउ ॥ सय काय परिस्समं सुक्खं ॥ १४३ ॥

तेम स्त्रीओना संगने सेवनार पुरुष कंइ पण सुख पामतो नथी तोपण पोताना शरीरनुं परिश्रम थाय छे तेनेज ते बापडो सुख माने छे ॥ १४३ ॥

सुठु विमग्गिज्जंतो ॥ कत्थवि केलीइ नत्थि जह सारो ॥
इंदिय विसएसु तहा ॥ नत्थि सुहं सुठु वि गविठं ॥ १४४ ॥

घणुंए मागतां छतां केलना गर्भमां कोइ ठेकाणे सार नथी तेम इंद्रियोना विषयोमां घणुंए शोध्युं छतुं कंइ सुख नथी मलतुं ॥ १४४ ॥

सोएण पवसिय पिया ॥ चक्खूराएण माहुरो वणिउ ॥
घाणेण राय पुत्तो ॥ निहउ जीहाइ सोदासो ॥ १४५ ॥

श्रोत इंद्रिवडे परदेश गएला सार्थवाहनी स्त्री, चक्षुना रागवडे मथुरानो वाणियो, घ्राणने वशे (गंध प्रिय) राजपुत्र अने जीव्हाने रसे सोदाम राजा हणायो ॥ १४५ ॥

फासिंदिएण दुठो ॥ नठो सोमालिया महीपालो ॥

एक्किक्केण विनिहया ॥ किं पुण जे पंचसु पसत्ता ॥ १४६ ॥

फरस इंद्रिवडे दुष्ट सोमालिकानो राजा नाश पाम्यो; अकेके विषये ए बधा नाश पाम्या तो जे पांचे इंद्रियमां आसक्त होय तेनुं शुं कहेवुं ॥ १४६ ॥

विसया विरक्तो निवडइ ॥ निरविरक्तो तरइ दुत्तर भवोहं ॥

देवी दीव समागय ॥ भाउअगा दुन्नि दिठंता ॥

भाउअ जुयलं च भणियं च ॥ पाठांतरं ॥ १४७ ॥

विषयनी अपेक्षा करनारो माणस दुस्तर एवा भवसमूद्र प्रते पडे अने विषयथी निर्पेक्ष होय ते तरे; (आ उपर) रत्न द्विपनी देवीने मलया बे भाइ १. जीनपालित २. जीन रक्षित तेनां दृष्टांत जाणवां अथवा बे भाइनुं द्रष्टांत कह्युं छे ॥ १४७ ॥

छलिया अवय रकंता ॥ निरावयरका गया अविग्घेणं ॥

तम्हा पवयण सारे ॥ निरावयरकेण होयव्वं ॥ १४८ ॥

रागनी अपेक्षा कीधी तें छल्या अने जे निर्पेक्ष थया ते निर्विघ्नपणे ठामे पहोंच्या ते कारण माटे प्रवचनसारने विषे निपुण माणसे रागने विषे निर्पेक्ष थवुं ॥ १४८ ॥

विसए अवयरकंता ॥ पमंति संसार सायरे घोरे ॥
विसए सु निराविस्का ॥ तरंति संसार कंतारं ॥ १४९ ॥

विषयनी आसक्ति धरतां माणसो घोर संसार सागरने विषे पडे छे अने विषयमां निर्पेक्ष पुरुषो संसार रुपी अटवीने ओलंगी जाय छे ॥ १४९ ॥

ता धीर धिइ बलेणं ॥ दुद्दंते दमसु इंदिय मइंदे ॥
तेणुरकय पडिवस्को ॥ हराहि आराहण पडागं ॥ १५० ॥

तेथी हे धीर पुरुष धीरज रुपी बलवडे करीने दुर्दांत एवा इंद्रिय रुप सिंहने दम; ने तेणे करीने अंतरंग वैरी रुप राग अने द्वेषनो क्षय कर्यो छे जेणे एवो तुं आराधना पताकाने ले ॥ १५० ॥

कोहाइण विवागं ॥ नाऊण य तेसि निग्गहेण गुणं ॥
निग्गिण्ह तेण सु पुरिस कसाय कलिणो पयत्तेण ॥ १५१ ॥

क्रोधादिकना विपाकने जाणीने अने तेना निग्रहवडे गुण जाणीने हे सुपुरुष ! प्रयत्नवडे कषायरुपी क्लेशनो निग्रह कर ॥ १५१ ॥

जं अइ तिख्खं दुख्खं ॥ जं च सुहं उत्तिमं तिलोइए ॥
तं जाण कसायाणं ॥ वुढ्ढि ख्खय हेउयं सव्वं ॥ १५२ ॥

जे त्रण जगतने विषे अति तीव्र दुःख छे अने जे उत्तम सुख छे ते सर्व अनुक्रमे कषायोनि वृद्धि अने क्षयनुं कारण समज ॥ १५२॥

कोहेण नंदमाई ॥ निहया माणेण फरसरामाई ॥
मायाए पंडु रज्जा ॥ लोहेणं लोहणंदाइ ॥ १५३ ॥

क्रोधवडे नंद विगेरे, अने मानवडे फरशुरामादि, मायावडे पंडरज्जा अने लोभवडे लोहनंदीमें दुःख पाम्या ॥ १५३ ॥

इयउवएसामय पा, णएण ॥ पल्हायंमि चित्तंमि ॥
जाउ सुनिव्वुउ सो, पाउण व पाणियं तिसिउ ॥ १५४ ॥

आ उपदेश रुप अमृत पानवडे [illegible] चित्त [illegible] जेम तरस्यो माणस पाणी मेलवीने निरांते बेसे तेम ते शिष्य अतिशे निवृत थयो छतो कहे छे ॥ १५४ ॥

इछामो अणुसट्ठिं भंते भव पंक तरण दढ लट्ठिं ॥
जं जह उत्तं तं तह ॥ करेमि विणयणउ भणइ ॥ १५५ ॥

हे भगवन् हुं भव रुपी कादव ओळंगवाने दृढ लाकडी समान तमारी शिक्षाने इच्छुं छुं; जे जेम आपे कह्युं ते तेम हुं करुं एम विनयथी नमेलो ते कहे छे ॥ १५५ ॥

जइ कहवि असुहकम्मो ॥ दएण देहंमि संभवे वियणा ॥
अहवा तएहाइया ॥ परीसहा से उदीरिज्जा ॥ १५६ ॥

प्रकारे

जो कोइ [illegible] अशुभ कर्मना उदये करीने शरीरने विषे वेदना अथवा तरश विगेरे परिसहो संभवे तेमने उदीरवा [illegible] ॥ १५६ ॥

निद्धं महुरं पल्हायणिज्जं ॥ हिययंगमं अणलियं च ॥
तो सेहावेयव्वो ॥ सो खवउ पन्नवंतेण ॥ १५७ ॥

स्निग्ध, मधुर, हरखनुं करनार, हृदयने गमतुं, अने साचुं वचन कहेता एवा आचार्ये (आराधक साधु) तेने सहन करे एम करवुं ॥ १५७ ॥

संभरसु सुयणुजं ॥ तं मज्झंमि चउव्विहस्स संघस्स ॥
वूढा महा पइन्ना ॥ अहयं आराहइस्सामि ॥ १५८ ॥

हे सत्पुरुष, तमे संभारी आपो के चतुर्विध संघना मध्ये मोटी प्रतिज्ञा में करी ते हुं आराधीश ॥१५८॥

अरहंत सिद्ध केवली ॥ पच्चरकं सव्व संघ सक्खिस्स ॥
पच्चरकाणस्स कयस्स ॥ नंजणं नाम को कुणइ ॥ १५९ ॥

अरिहंत, सिद्ध, केवली अने सर्व संघनी साखे प्रत्यक्ष जे पच्चख्खाण कर्युं तेनुं भागवुं कोण करे ॥

नालुंकिए करुणं ॥ खज्जंतो घोर वेयणा तो वि ॥
आराहणं पडिवन्नो ॥ झाणेण अवंति सुकुमालो ॥ १६० ॥

शियालणीए अतिशय खवातो, घोर वेदना पामतो पण ध्यानवडे अवंति सुकुमाल आराधना पाम्यो ॥

मुग्गिल्ल गिरिंमि सुकोसलो वि ॥ सिद्धत्थ दइयत्ते नयवं ॥
वग्घीए खज्जंतो ॥ पडिवन्नो उत्तमं अट्ठं ॥ १६१ ॥

चित्रकुट पर्वतने विषे सिधार्थ (मोक्ष) ते छे प्यारुं जेने एवो भगवान् सुकोसल पण वाघणवडे खवातो मोक्ष प्रत्ये पाम्यो ॥ १६१ ॥

गुट्ठे पाओवगओ ॥ सुबंधुणा गोमए पलिवियंमि ॥
डज्झंतो चाणक्को ॥ पडिवन्नो उत्तमं अट्ठं ॥ १६२ ॥

गोकुलमां पादोपगम अणशणवाला सुबंधु मंत्रिए छाणां सळगावे छते दाझतो एवो चाणाक्य ते उत्तम अर्थने (आराधकपणाने) पाम्यो ॥ १६२ ॥

अवलंबिऊण सत्तं तुमंपि ता धीर धीरयं कुणसु ॥
जावे सु य नेगुस्सं ॥ संसार महा समुद्दस्स ॥ १६३ ॥

तेमाटे सत्वने अवलंबीने तुं पण हे धीर पुरुष धीरजपणुं धर अने संसार महा समुद्रनुं निर्गुणपणुं भाव ॥

जंम जरा मरण जलो ॥ अणाइमं वसण सावया इणो ॥
जीवाण डुक्क हेउं ॥ कडं रुद्दो जव समुद्दो ॥ १६४ ॥

जन्म, जरा अने मरण रुपी पाणी छे जेमां, एवो अनादि अने दुःखरुपी श्वापदवडे व्याप्त अने जीवोने दुःख नो हेतु एवो भव समुद्र ते घणोज कष्टनो करनारो अने रुद्र छे ॥ १६४ ॥

धन्नोहं जेण मए ॥ अणोर पारंमि जव समुद्दंमि ॥
जव सय सहस्स डुल्लहं ॥ लद्धं सद्धम्म जाण मिणं ॥ १६५ ॥

हुं धन्य छुं, जे कारण माटे में अपार भव समुद्रने विषे लाखो भवे पण पामवाने दुर्लभ एवुं सद्धर्मरुपी आ झाझ (वहाण) पाम्युं ॥ १६५ ॥

एयस्स पन्नावेणं ॥ पालिज्जं तस्स सइ पयत्तेणं ॥
जम्मं तरेवि जीवा ॥ पावंति न डुक्क दोगच्चं ॥ १६६ ॥

[illegible]वडे, स्मृति अने प्रयत्नवडे पालेवा [illegible] जीवो जन्मांतरने विषे पण दुःख अने दारिद्र न पामे ॥ १६६ ॥

चिंतामणी अनव्वो ॥ एय मनव्वोय कप्प रुक्कत्ति ॥
एसो परमो मंतो ॥ एयं परमामयं [illegible] ॥ १६७ ॥

आ धर्म अपूर्व चिंतामणी रत्न छे, अने वली आ अपूर्व कल्पवृक्ष छे, आ परम मंत्र छे. वली अहिंआं आ धर्म परम अमृत समान छे ॥ १६७ ॥

अह मणि मंदिर सुंदर ॥ फुरंत जिणगुण निरंजणुज्जोत्त ॥
पंच नमुक्कार समे ॥ पाणे पणत्त विसज्जेइ ॥ १६८ ॥

हवे मणिमय मंदिर अने सुंदर स्फुरायमान जिनगुणरूप निरंजन उद्योत छे जेने विषे एवो ते विनयवंत थको पंच नमस्कार सहित प्राणोने साग करे ॥ १६८ ॥

परिणाम विसुद्धीए ॥ सोहम्मे सुरवरो महिड्ढीए ॥
आराहिऊण जायइ ॥ भत्त परिन्नं जहन्नं सो ॥ १६९ ॥

ते पुरुष भक्त परिज्ञाने जघन्य थकी आराधीने परिणामनी विशुद्धिवडे सौधर्म देवलोकने विषे महर्द्धिक देवता थाय ॥ १६९ ॥

उक्कोसेण गिहत्थो ॥ अच्चुय कप्पंमि जायइ अमरो ॥
निव्वाण सुहं पावइ ॥ साहू सव्वठ सिद्धिं वा ॥ १७० ॥

उत्कृष्टपणे भक्त परिज्ञा आराधीने गृहस्थ अच्युत नामना बारमा देवलोकने विषे देवता थाय अने जो साधु होय तो उत्कृष्टुं मोक्षनुं सुख पामे अथवा तो सर्वार्थ सिद्धने विषे जाय ॥ १७० ॥

इय जोइसर जिणवीर ॥ भद्द भणियाणुसारिणी मिणमो ॥
भत्तपरिन्नं धन्ना ॥ पढंति भावंति सेवंति ॥ १७१ ॥

ए रीते योगीश्वर श्री जिन वीरस्वामि अने भद्र एवा तिर्थंकर देवे भाखेलाने अनुसार आ भक्त परिज्ञा पयन्नो जेओ भणेछे, भावेछे अने सेवेछे तेओ धन्य छे ॥ १७१ ॥

सत्तरिसयं जिणाणं व ॥ गाहाणं समयखित्त पन्नत्तं ॥
आराहंतो विहिणा ॥ सासय सोक्खं लहइ मोक्खं ॥ १७२ ॥

मनुष्य क्षेत्रने विषे [illegible] एकसो सित्तेर तिर्थंकरोनी पेठे एकसो सित्तेर गाथाओ कही छे; तेने विधिपूर्वक आराधन करतो शाश्वतुं सुख जे मोक्ष ते प्रत्ये पामे ॥ १७२ ॥

॥ इति श्री भत्त परिन्ना सम्मत्ता. ॥

आ सिद्धांत ने विषे

चउसरण पयन्नो.

सावज्जजोग विरई, उक्कित्तण गुणवत्त अ पडिवत्ति ॥
खलियस्स निंदणा वण, तिगिच्छ गुण धारणा चेव ॥ १ ॥

पाप व्यापारथी निवर्तवा रुप सामायक नामे पहेलुं आवश्यक, चोवीस तिर्थंकरना गुणोनुं उत्किर्तन करवारुप चउविसथ्थो नामनुं बीजुं आवश्यक, गुणवंत गुरुनी वंदना रुप वंदनक नामनुं त्रीजु आवश्यक, लागेला अतिचार रुप दोषनी निंदारुप प्रतिक्रमण नामनुं चोथु आवश्यक, भाव घा एटले आत्माने भारे दुषण लागेलुं तेने मटाडवा रुप काउसग्ग नामनुं पांचमुं आवश्यक, अने गुणने धारण करवा रुप पच्चखाण नामनुं छठुं आवश्यक. ए छ आवश्यक निश्चे करी कहेवायछे ॥ १ ॥

चारित्तस्स विसोही, कीरइ सामाइएण किल इहयं ॥
सावज्जेयर–जोगाण, वज्जणा–सेवणत्तउ ॥ २ ॥

आ जिनशासनमां सामायकवडे करी निश्चे चारित्रनी विशुद्धि कराय छे, ते सावद्य योगने त्याग करवाथी अने निर्वद्य योगने सेववाथी थाय छे ॥ २ ॥

॥ २६ ॥ दंसणयार विसोही, चउवीसायच्छएण किज्जइ य ॥

अच्चब्भुअ गुण कित्तण, रुवेणं जिणवरिंदाणं ॥ ३ ॥

दर्शनाचारनी विशुद्धि चउविसथ्था (लोगस्स) वडे कराय छे, ते जिनेश्वर भगवानोना अति अद्भुत गुणना कितनरुप चोविसे जिननी स्तुतिवडे थायछे ॥ ३ ॥

नाणाइआउ गुणा, तस्संपन्न पडिवत्तिकरणाउ ॥

वंदण एणं विहिणा, कीरइ सोहीउ तेसिं तु ॥४ ॥

ज्ञानादिक जे गुणो तेवडे करी सहित गुरु महाराजनी विधिपुर्वक वंदन करवारुप, त्रीजा वंदन नामना आवश्यके ज्ञानादिक गुणोनी शुद्धि कराय छे ॥ ४ ॥

खलिअस्सय तेसिं पुणो, विहिणा जं निंदणाइ पडिक्कमणं ॥

तेण पडिक्कमणेणं, तेसिं पि य कीरए सोही ॥ ५ ॥

वली ते ज्ञानादिकनी आशातनानी निंदादिक विधिवडे करवी ते प्रतिक्रमण कहेवाय, ते प्रतिक्रमणवडे ते ज्ञानादिक गुणोनी शुद्धि करायछे ॥ ५ ॥

चरणाइयाइयाणं, जहक्कमं वण तिगिच्छ रुवेणं ॥

पडिक्कमणा सुद्धाणं, सोही तह काउस्सग्गेणं ॥ ६ ॥ ॥ २६ ॥

चारित्रादिकना अतिचारोनी प्रतिक्रमणवडे शुद्धि न थई होय तेमनी गुमडाना औसड सरखा अनुक्रमे आवेला पांचमा काउसग्ग नामना आवश्यकवडे शुद्धि थाय छे ॥ ६ ॥

गुणधारण रूवेणं, पच्चक्खाणेण तवइआरस्स ॥

विरिआयारस्स पुणो, सव्वेहिवि कीरए सोही ॥ ७ ॥

गुणना धारण करवा रूप पच्चखाणे करी तपना अतिचारनी अने वळी विर्याचारना सर्व आवश्यके करी शुद्धि कराय छे ॥ ७ ॥

गय वसह सीह अभिसेअ, दाम ससी दिणयरं झयं कुंभं ॥

पउमसर सागर विमाण, भवण रयणुच्चय सिहिं च ॥ ८ ॥

हाथी, वृषभ, सिंह, अभिषेक, माळा, चंद्रमा, सूर्य, धजा, कळस, पद्मसरोवर, सागर, (देवगतिमांथी आवेला तिर्थंकरोनी माता) विमान, अने (नरकमांथी आवेला तिर्थंकरोनी माता) भवन देखे, रत्ननो ढगलो अने अग्नि, ए चउद स्वप्न सर्व तिर्थंकरोनी माता तेमने गर्भमां आवतां देखे ॥ ८ ॥

अमरिंद नरिंद मुणिंद, वंदिअं वंदिउं महावीरं ॥

कुसलाणुबंधि बंधुर, मज्झयणं कित्तइस्सामि ॥ ९ ॥

॥ २७ ॥ देवताना इंद्र, चक्रवर्ति राजा, अने मुनिश्वरोए वांदेला एवा महावीरस्वामिने वांदीने मोक्षने पमाडनार सुंदर चउसरण नामनुं अध्ययन कहीश ॥ ९ ॥

चउसरण गमण दुक्कड, गरिहा सुकडाणु मोयणा चेव ॥
एस गणो अणवरयं, कायवो कुसलहेउत्ति ॥ १० ॥

चार सरण करवां, पाप कार्योनी निंदा करवी, अने निश्चे सुकृतनी अनुमोदना करवी आ त्रण वस्तु मोक्षनुं कारण छे माटे निरंतर करवी ॥ १० ॥

अरिहंत सिद्ध साहू, केवलिकहिउ सुहावहो धम्मो ॥
एए चउरो चउगइ, हरणा सरणं लहइ धन्नो ॥ ११ ॥

